
# શ્રી સ્વામિનારાયણ બાળસત્સંગ

## પર્ણ-૪



NARNARAYAN DEV BAL MANDAL

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ



શ્રી નરનારાયણદેવ - કાલુપુર, અમદાવાદ



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.મોટા મહારાજ
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



પ.પૂ.લાલજી મહારાજ ૧૦૮
શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

# સત્સંગ પ્રતિજ્ઞા

- ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા ઈષ્ટદેવ છે.
- ધર્મકુળના આશ્રિતો મારા સાચા સગા છે.
- પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી મારા ધર્મગુરૂ છે.
તેમની આજ્ઞાનું હંમેશા પાલન કરીશ.
- ભગવાન શ્રી સ્વામિનારાયણ અને આચાર્ય મહારાજશ્રીએ
પ્રતિષ્ઠિત કરેલ મૂર્તિઓનું જ ધ્યાન કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ પ્રતિમાની જ નિત્યપૂજા કરીશ.
- આચાર્ય મહારાજશ્રીએ માન્ય કરેલ ગ્રંથોનું જ વાંચન કરીશ.
- માતા-પિતા ગુરુ અને વડીલોને માન આપીશ.
- આચાર્ય મહારાજશ્રી, સંતો તથા હરિભક્તો પ્રત્યે આદર રાખીશ.
- શિક્ષાપત્રીના નિયમોનું હંમેશા પાલન કરીશ.
- આ જન્મે જ અક્ષરધામમાં જવાય તેવું જીવન જીવીશ.

આ પ્રતિજ્ઞા દરેક બાળકોએ મુખપાઠ કરવી.

પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

# શ્રી સ્વામિનારાયણ
# બાળ સત્સંગ
## પર્ણ-૪

**સંસ્કારમય ભવિષ્યનું ઘડતર,**
**શ્રી નરનારાયણદેવ બાળ મંડળ**
**Cultivating Future With Values**

ચિત્રાંકન અને ડિઝાઈન : પ્રફુલ ખરસાણી

પ્રકાશક :- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

## આશીર્વાદ પત્ર

His Holiness Acharya Maharaj
Shri Koshalendraprasadji Pande

પ્રતિશ્રી,
સ.ગુ.મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ

જય શ્રી સ્વામિનારાયણ

આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા બાળ સત્સંગ પુસ્તકના પ્રકાશનથી શ્રી નરનારાયણદેવ બાળ મંડળના બાળકોને સંસ્કારયુક્ત જીવન તથા સાંપ્રદાયિક શિક્ષણ મળશે અને સંપ્રદાયની ભાવિ પેઢીના બાળકો-બાલિકાઓ માટે ખૂબ ઉપયોગી બની રહેશે.

આ પુસ્તિકા દ્વારા બાળકોનું જીવન ભગવાન સાથે જોડાઈને ખૂબ સુખી બને એવા અમારા રૂડા આશીર્વાદ સહ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

આશીર્વાદ સહ
પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

Shree Swaminarayan Mandir,
Ahmedabad-1
Tel: 079 2212 3835

Shree Swaminarayan Bagh,
Ahmedabad-52
Tel: 079 2747 8070

## પ્રસ્તાવના

કોઈપણ છોડ નાનો હોય ત્યારે જેમ વાળવામાં આવે તેમ વાળી શકાય છે. કોઈપણ માટીના પાત્રને પાક્યા પહેલા જેવો આકાર આપવો હોય તેવો આપી શકાય છે. મનુષ્યના જીવનનું પણ કંઈક આવું જ છે. નાની ઉંમરમાં બાળકને જેવું વાતાવરણ, સંસ્કાર કે વાંચન આપવામાં આવે તેવું તેનું જીવન ઘડતર થવાની શક્યતાઓ વધી જાય છે. આપણા પરિવારના બાળકોમાં ધર્મ, સમાજ, વ્યવહારનું સંસ્કાર સભર સિંચન થાય તેવા શુભ હેતુથી દરેક મંદિરો-ગામોમાં બાળમંડળની પ્રવૃત્તિઓ ચાલે છે. આ પ્રવૃત્તિમાં આ પુસ્તક ખૂબ ઉપયોગી અને સહાયક નિવડશે. પ.પૂ.લાલજી મહારાજ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની પ્રેરણાથી પ્રકાશિત આ પુસ્તક દ્વારા સૌ બાળકો પ્રભુને ઓળખી ખૂબ સારા મનુષ્ય બને અને પછી સારા સત્સંગી બને એવી શુભ આશા સાથે સૌ આ પુસ્તકનો ખૂબ ખૂબ ઉપયોગ કરે એવી શુભકામના.

આ પુસ્તકના લેખન કાર્યમાં સંતો-હરિભક્તોએ આ પુસ્તક આપ સુધી પહોંચાડવા ખૂબ જહેમત ઉઠાવી છે. તે સર્વેનું પણ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવ સર્વ પ્રકારે શ્રેય કરે તેવી પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
મહંતશ્રી, શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ



# પુષ્પ - ૧  આજ મારે ઓરડે રે

આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ,
બાઈમેં બોલાવીઆ રે, સુંદર છોગાવાળો છેલ. આજ મારે .... ૧
નીરખ્યા નેણાં ભરી રે, નટવર સુંદર શ્રી ઘનશ્યામ,
શોભા શી કહું રે, નીરખી લાજે કોટીક કામ. આજ મારે .... ૨
ગુંથી ગુલાબના રે, કંઠે આરોપ્યા મેં હાર,
લઈને વારણા રે, ચરણે લાગી વારંવાર. આજ મારે .... ૩
આપ્યો મેં તો આદરે રે, બેસવા ચાકળીઓ કરી પ્યાર,
પૂછયા પ્રીત શું રે, બાઈ મેં સર્વે સમાચાર. આજ મારે .... ૪
કહોને હરિ ક્યાં હતા રે, ક્યાં થકી આવ્યા ધર્મકુમાર,
સુંદર શોભતા રે, અંગે સજીયા છે શણગાર. આજ મારે .... ૫
પહેરી પ્રીત શું રે, સુરંગી સુંથલણી સુખદેણ,
નાડી હીરની રે, જોતાં તૃપ્ત ન થાયે નેણ. આજ મારે .... ૬
ઉપર ઓઢીઓ રે, ગુંઢો રેંટો જોયા લાગ્ય,
સજની તે સમે રે, ધન્ય ધન્ય નીરખ્યાં તેના ભાગ્ય. આજ મારે .... ૭
મસ્તક ઉપરે રે, બાંધ્યું મોલીડું અમુલ્ય,
કોટીક રવી શશી રે, તેતો નાવે તેને તુલ્ય. આજ મારે .... ૮
રેશમી કોરનો રે, કરમાં સાહ્યો છે રૂમાલ,
પ્રેમાનંદ તો રે, એ છબી નીરખી થયો નિહાલ. આજ મારે .... ૯

## પુષ્પ - ૧ આજ મારે ઓરડે રે



સ્વાધ્યાય :

✽ જોડકાં જોડો

| | |
|---|---|
| ૧. મોળીડું | ✽ શણગાર |
| ૨. રૂમાલ | ✽ કંઠ |
| ૩. હાર | ✽ મસ્તક |
| ૪. અંગ | ✽ કર |

✽ શા માટે :

ભગવાન શા માટે શણગાર ધારણ કરે છે ?

✽ પ્રવૃત્તિ :

તમે દર્શન કરેલા ભગવાનના શણગારની યાદી બનાવો.

✽ વિશેષ :

તમે દર્શન કરેલા ભગવાનના શણગારનું વર્ણન બાળમંડળમાં કરો.

✽ સંસ્કાર સિંચન :

(૧) ઘનશ્યામ મહારાજની મૂર્તિ કયા હાથે આશીર્વાદ આપે છે ?

◆ ડાબો હાથ ◆ જમણો હાથ ◆ બંને હાથ

(૨) પ્રસાદીભૂત 'માઢ (મેડી)' ક્યાં આવેલ છે ?

◆ કઠલાલ ◆ વહેલાલ ◆ જેતલપુર

(૩) નિલકંઠ વર્ણીએ કયા પર્વત ઉપર તપ કર્યું હતું ?

◆ ગીરનાર ◆ નવલખો ◆ હિમાલય

(૪) વસંતપંચમીનો સમૈયો ક્યાં ધામધૂમથી ઉજવાય છે ?

◆ ધોલેરા ◆ મૂળી ◆ ધોળકા



# પુષ્પ - ૨ નવિનજીમૂતસમાનવર્ણમ્

ગોપીપ્રિયારંભ્મિતરાસખેલં, રાસેશ્વરીરંજનકૃત્પ્રહેલમ્;
સ્કન્ધોલ્લસત્કુંકુમચિહ્નચેલં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૫
વૃંદાવને પ્રીતતયા વસન્તં , નિજાશ્રિતાનાપદ ઉદ્ધરન્તમ્;
ગોગોપગોપીરભિનંદયન્તં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૬
વિશ્વદ્વિષન્મમથદર્પહારં, સંસારિજીવાશ્રયણીયસંસારમ્;
સદૈવ સત્પુરુસૌખ્યકારં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૭
આનન્દિતાત્મવ્રજવાસિતોકં, નંદાદિસંદર્શિતદિવ્યલોકમ્;
વિનાશિતસ્વાશ્રિતજીવશોકં, શ્રીરાધિકાકૃષ્ણમહં નમામિ...૮

પોતાની અનન્ય ભક્તા એવી ગોપીઓના મનોરથ પુરા કરવા રાસ રમતા, રાસની અધિષ્ઠાત્રી એવી રાધાના ચિત્તને રંજન કરનારા, પોતાના ખભા ઉપર શોભાયમાન કુમકુમ ચાંદલાના ચિન્હયુક્ત વસ્ત્રથી પ્રકાશિત એવા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરુ છુ. (૫)

વૃંદાવનમાં રહેવું જેમને અતિ પ્રિય છે પોતાના આશ્રિત એવા વ્રજવાસીઓને સર્વ આપત્તિથી છોડાવનારા ગાયો, ગોવાળ અને ગોપીઓને મધુર સ્મિત વડે આનંદ આપતા એવા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૬)

વિશ્વ આખાનો શત્રુ એવા કામદેવ તેના ગર્વને હણનારા, સંસારની નિવુત્તિ ઈચ્છતા જીવ પ્રાણી માત્રને આશ્રય કરવા યોગ્ય હંમેશા સત્યપુરૂષોને સુખ આપનારા એવા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૭)

પોતાના દિવ્ય ચરિત્રોથી વ્રજવાસીના બાળકોને આનંદ આપનારા, નંદ આદિ ગોવાળીયાઓને પોતાના દિવ્યધામના દર્શન કરાવનારા પોતાના આશ્રિતના ત્રિવિધ તાપનો નાશ કરનારા એવા શ્રી રાધિકાએ સહિત શ્રી કૃષ્ણ ભગવાનને હું પ્રણામ કરું છું. (૮)

## સ્વાધ્યાય

નીચેના શબ્દોનો અર્થ સમજાવો

(૧) રાસેશ્વરી રંજન

(૨) ઉધ્ધરન્તમ્

(૩) સૌખ્યકારમ્

(૪) વ્રજવાસિતોકમ્

❊ શા માટે :

મંદિરમાં રાધિકાજીની મૂર્તિ શ્રીકૃષ્ણ ભગવાનની ડાબી બાજુએ શા માટે હોય છે ?

❊ પ્રવૃત્તિ :

નવિનજીમૂત સમાનવર્ણમ્ અષ્ટકનું દરરોજ ગાન કરવું.

❊ વિશેષ :

ઉપરોક્ત અષ્ટકમનો અર્થ બાળ મંડળમાં સમજાવવો.

❊ સંસ્કાર સિંચન :

(૧) દ્વારકા મંદિરમાં કોની મૂર્તિ પધરાવેલ છે ?

❀ શ્રીકૃષ્ણ ❀ ઘનશ્યામ મહારાજ ❀ સુદામા

(૨) પ્રસાદીભૂત 'હમીર સરોવર' ક્યાં આવેલું છે ?

❀ જુનાગઢ ❀ જેતલપુર ❀ ભુજ

(૩) વડતાલ મંદિરમાં 'હરિકૃષ્ણ મહારાજ'ની મૂર્તિ કોણે પધરાવી છે ?

❀ રઘુવીર મહારાજ ❀ શ્રીજી મહારાજ ❀ વિહારીલાલજી મહારાજ

(૪) રામાનંદ સ્વામીને વૈષણવી દિક્ષા કોણે આપી

❀ ગોપાળ યોગી ❀ રામાનંદ સ્વામી ❀ રામાનુજાચાર્ય

# પુષ્પ - ૩ પુરૂષોત્તમ પ્રકાશ



### દોહા

માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ।
અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥૧॥
એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ।
એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુળ ॥૨॥
મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ ।
એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખ કરણ ॥૩॥
મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર ।
એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર ॥૪॥

## ચોપાઇ

માટે સૌ રે'જો એને વચને રે, ત્યાગી ગૃહી સહુ એક મને રે ।
રે'જો ધર્મવંશીને ગમતે રે, વર્તશો માં કોયે મન મતે રે ॥૫॥
એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજો રે ।
હાથ જોડીને રે'જો હજૂર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે ॥૬॥
વિદ્યા ગુણ બુદ્ધિને બળે રે, એને દબાવવા નહિ કોઈ પળે રે ।
ત્યાગી રાગી ને કવિ કોઈ હોય રે, તોય એને માનજો સહુ કોય રે ॥૭॥
વાદ વિવાદ કરી વદને રે, એ શું બોલશો માં કોઈ દને રે ।
એની વાત ઉપર વાત આણી રે, કે દિ વદશો માં મુખે વાણી રે ॥૮॥
એને હોડયે હઠાવી હરવી રે, પોતાની સરસાઈ ન કરવી રે ।
પોતે સમજી પોતાને પ્રવિણ રે, એને સમઝશો માં ગુણે હીણ રે ॥૯॥
જેમ એ વાળે તેમ વળજો રે, એના કામ કાજમાં ભળજો રે ।
એની માનજો સહુ આગન્યા રે, વર્તશો માં કોયે વચન વિના રે ॥૧૦॥
એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે ।
એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે ॥૧૧॥
કાંજે અમારે ઠેકાણે એ છે રે, તેતો પ્રવિણ હોય તે '-પ્રીછે રે ।
બીજા જન એ મર્મ ન લહે રે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥૧૨॥
પણ સમજવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઉંધી રે ।
વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો માં તેમાં રે ॥૧૩॥
અમે એમાં એ છે અમમાંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે ।
એથી અમે અળગા ન રૈ'યે રે, એમાં રહીને દર્શન દૈયે રે ॥૧૪॥
જે જે જનને થાય સમાસ રે,તે તો અમે કરી રહ્યા વાસ રે ।
શે'ર પાટણે સનમાન જડે રે, તે તો અમારી સામર્થી વડે રે ॥૧૫॥
દેશ પરદેશે પૂજાયે આપ રે, તે તો જાણો અમારો પ્રતાપ રે ।
જિયાં જાય તિયાં જય જીત રે, તે તો અમે રહ્યા રૂડી રીત રે ॥૧૬॥
એમ સમજો સહુ સુજાણ રે, અમ વિના ન હોય કલ્યાણ રે ।
ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઈચ્છાય રે ॥૧૭॥
અતિ ધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારું મન રે ।
માટે એને પૂજે હું પૂજાણો રે, તેતો જરૂર જન મન જાણો રે ॥૧૮॥
એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારું કર્યું છે ચોક્કસ નિદાન રે ।
એમ જાણી લેજો સહુ જન રે, એમ બોલિયા શ્રી ભગવન રે ॥૧૯॥
સુણી જન મગન થયા રે, ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યા રે ।
પછી સહુએ આચારજ સેવ્યા રે, તે તો મોટા સુખને લેવા રે ॥૨૦॥

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમળસેવક નિષ્કુલાનંદમુનિ વિરચિતે
પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૦॥

## પુષ્પ - ૩ પુરૂષોત્તમ પ્રકાશ

### સ્વાધ્યાય

- એક વાક્યમાં જવાબ આપો

(૧) શ્રીજી મહારાજે કોના દ્વારા અનેકનો ઉધ્ધાર કરવાની વાત કહી છે ?

(૨) શ્રીજી મહારાજે કોના ગમતામાં રહેવાનું કહ્યું છે ?

(૩) શ્રીજી મહારાજને ઠેકાણે કોણ છે ?

(૪) શ્રીજી મહારાજ કોનામાં રહીને દર્શન આપે છે ?

- શા માટે :

  ધર્મકુળને આશરે શા માટે રહેવું જોઈએ ?

- પ્રવૃત્તિ :

  શ્રી નરનારાયણદેવ દેશ ગાદીના આચાર્ય મહારાજશ્રીનાં દર્શન કરવા જવું.

- વિશેષ :

  આચાર્ય મહારાજશ્રી માટે ભેટ તૈયાર કરીને રૂબરૂ અર્પણ કરવી.

- સંસ્કાર સિંચન :

(૧) રામપ્રતાપભાઈને કેટલા દિકરા હતા ?

ત્રણ    બે    એક

(૨) શ્રીહરિએ આચાર્યપદની સ્થાપના કઈ સાલમાં કરી હતી ?

સં.૧૮૮૭    સં.૧૮૮૬    સં.૧૮૮૨

(૩) શ્રી લક્ષ્મીનારાયણદેવ ગાદીનું પીઠસ્થાન ક્યાં આવેલું છે ?

ગઢડા    વડતાલ    અમદાવાદ


(૪) નરનારાયણદેવ કેટલા આયુધ ધારણ કરી રહ્યા છે ?

ચાર    બે    એક

# પુષ્પ - ૪ કાલિદત્ત વધ


એકવાર વેણી, માધવ, પ્રાગ વગેરે બાળમિત્રો બાળ ઘનશ્યામને લઈને નારાયણ સરોવરનાં પૂર્વ કિનારે આંબાવાડીયામાં રમવા માટે ગયા. બાળકોને એકલાં રમતા જોઈને કાલિદત્ત નામે અસુર નાના બાળકનું રૂપ ધારણ કરીને તેની સાથે રમવા લાગ્યો. થોડીવાર પછી પોતાની માયાવી શક્તિથી વરસાદ અને વંટોળ ઉત્પન્ન કર્યો જેથી બાળકો ગભરાઈને સંતાવા લાગ્યા.

બાળ ઘનશ્યામને દહીંયા આંબા નીચે બેઠેલાં જોઈને કાલિદત્તે મોટાં પર્વત જેવું શરીર ધારણ કરીને આકાશમાં ઉંચે ચડીને આંબા ઉપર પડ્યો એટલે આંબો કડાકા સાથે તૂટી પડ્યો. અસુર મનમાં ખુશ થવા લાગ્યો. ઘનશ્યામ હવે જીવતાં નહીં હોય તેમ માની આંબાની આસપાસ નજર કરવા લાગ્યો. એવામાં એની નજર આંબાના થડ પાસે બેઠેલાં અને મરક મરક હસતાં ઘનશ્યામ ઉપર પડી. અસુરે મિજાજ ગુમાવ્યો. ઘનશ્યામને પકડવા



હાથ લાંબો કર્યો. ઘનશ્યામે તેની સામે વક્રદ્રષ્ટિ કરી એટલે અસુર મોહ પામ્યો. પવન અને વરસાદમાં આમતેમ અથડાવા લાગ્યો, છેવટે જમીન ઉપર પડીને મૃત્યુ પામ્યો એટલે પવન અને વરસાદ શાંત થઈ ગયા. સૌ બાળમિત્રો ભેગા થયા.

ધર્મપિતા, ભક્તિમાતા તથા સગા સંબંધી વગેરે ઘનશ્યામને શોધતાં શોધતાં ત્યાં આવી ચડ્યા. પહાડ જેવા અસુરને મરેલો જોઈ સૌને બાળ ઘનશ્યામમાં ભગવાનનો નિશ્ચય થયો. બોલો, બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજની જય.



## ૪. કાલિદત્ત વધ

### સ્વાધ્યાય

- જોડકાં જોડો

| | |
|---|---|
| ૧. દહીંયો આંબો | ૧. વરસાદ-વંટોળ |
| ૨. કાલિદત્ત | ૨. ઘનશ્યામ |
| ૩. આંબાવાડીયું | ૩. અસુર |
| ૪. માયાવી શક્તિ | ૪. બાળ મિત્રો |


- શા માટે :
  ભગવાન અસુરોનો વધ શા માટે કરે છે ?
- પ્રવૃત્તિ :
  ઘનશ્યામ લીલાની કોઈ બાળવાર્તા તમારા મિત્રોને કહો.
- વિશેષ :
  ઘનશ્યામ લીલાની બાળવાર્તા બાળમંડળમાં કહો.

- સંસ્કાર સિંચન
  (૧) પ્રસાદી સ્થાન ગૌઘાટ ક્યાં આવેલું છે ?
  - અમદાવાદ ● અયોધ્યા ● છપૈયા


  (૨) ઘનશ્યામનો જન્મ કયા નક્ષત્રમાં થયો હતો ?
  - ઉત્તરાફાલ્ગુની ● પુષ્ય ● સ્વાતી

  (૩) ઘનશ્યામના મામાનું નામ શું હતું ?
  - વશરામ ● બળદેવ ● નથુરામ


  (૪) ઘનશ્યામની માસીનું નામ શું હતું ?
  - ગીતામાસી ● ચંદના માસી ● જયા માસી



## ચરણારવિંદના ચિન્હો



બાળ મિત્રો ઉપર આપેલ ચરણારવિંદમાં નીચે આપેલ ચિન્હો યોગ્ય જગ્યાએ ગોઠવો અને તે ચિન્હોના નામ લખો ( બે ચિન્હો મૂકી રાખેલ છે બાકીના ૧૪ ચિન્હો આપે ગોઠવવાના છે.)




# પુષ્પ - ૫. મીન સરોવર

બાળમિત્રો, છપૈયા શબ્દ સાંભળીએ એટલે બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજ અને જન્મ સ્થાન યાદ આવે.

આ જન્મ સ્થાનથી દક્ષિણ ભાગમાં એક તળાવ આવેલું છે. એકવાર ઘનશ્યામે આ તળાવના કાંઠે માછીમારને માછલાં મારતો જોયો. કરૂણાનિધિ ઘનશ્યામને આ હિંસા જોઈને મનમાં ત્રાસ થયો એટલે ઘનશ્યામે મરેલાં માછલાં સામે દ્રષ્ટિ કરી જેથી માછલાં જીવતાં થઈને પાછાં કુદીને તળાવમાં પડવા લાગ્યા.

આ જોઈને માછીમાર નવાઈ પામ્યો. ઘનશ્યામે તેને કહ્યું કે આ બધું પાપ તારે જમપુરીમાં ભોગવવું પડશે અને આ દરેક માછલાં પછીનાં જન્મે આ હત્યાનો બદલો લેશે. આ સાંભળી માછીમાર ઘનશ્યામનાં પગમાં પડ્યો અને કરગરવા લાગ્યો કે પ્રભુ મને માફ કરો હવે કદી આવું પાપ નહિ કરું. આ સાંભળીને ઘનશ્યામ તેના ઉપર રાજી થયા અને ફરી આવું પાપ ન કરવા કહ્યું.

ફરી એક દિવસ ઘનશ્યામ પોતાના બાળ



સખાઓ સાથે ફણસ ખાતાં ખાતાં આ મીન સરોવરને કાંઠે પહોંચ્યા. બ્રહ્માજીને આ ફણસની પ્રસાદી ખાવાની ઈચ્છા થઈ. બ્રહ્માએ વિચાર્યું કે માંગવા કરતાં તળાવમાં માછલું બની જાઉં અને એઠાં હાથ ધોશે એટલે મને તે પ્રસાદ ખાવા મળશે. વિચારને અમલમાં મૂક્યો. માછલું બનીને તળાવમાં ફરતાં ફરતાં પ્રસાદની રાહ જોવાં લાગ્યાં.

ઘનશ્યામે વિચાર્યું કે આવી રીતે કપટ કરે તો પ્રસાદી અપાય નહીં. ઘનશ્યામે બધાને કહ્યું કે આ તળાવમાં આજે મોટો મગર આવેલો છે એટલે હાથ ધોવા જવું નથી. આ સાંભળી બ્રહ્મા મનમાં પસ્તાવો કરવા લાગ્યા અને માછલામાંથી પોતાનું મૂળ રૂપ ધારણ કરી ઘનશ્યામ પાસે આવીને માફી માંગવા લાગ્યા. ક્ષમાનિધિ ઘનશ્યામ હસવા લાગ્યા અને પ્રસાદી આપીને ફરી કદી કપટ ન કરવા કહ્યું.

આમ આ તળાવમાં ઘનશ્યામે માછલાંને જીવતાં કર્યાં અને બ્રહ્માજી માછલું થયાં હતાં તેથી આ તળાવને મીન સરોવર તરીકે ઓળખવામાં આવે છે.

## ૫. મીન સરોવર

સ્વાધ્યાય

વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો

(૧) સ્વામિનારાયણ સંપ્રદાયમાં --------ને જન્મ સ્થળ તરીકે ઓળખવામાં આવે છે.
 ❋ અયોધ્યા ❋ લોજ ❋ છપૈયા

(૨) ઘનશ્યામે ----------------- ને કાંઠે માછલા જીવતાં કર્યા હતાં.
 ❋ નારાયણ સરોવર ❋ શ્રવણ તલાવડી ❋ મીન સરોવર

(૩) બ્રહ્માજીને------------- ની પ્રસાદી ખાવાની ઈચ્છા થઈ હતી.
 ❋ ફણસ ❋ જાંબુ ❋ રામફળ

(૪) મીન સરોવરમાં --------------- માછલું બન્યા હતા.
 ❋ વિષ્ણુ ❋ શંકર ❋ બ્રહ્મા

◆ શા માટે :

મનુષ્યએ શા માટે હિંસા ન કરવી જોઈએ ?

◆ પ્રવૃત્તિ :

છપૈયામાં આવેલાં પ્રસાદી સ્થાનની યાદી બનાવો.

◆ વિશેષ :

છપૈયાના કોઈ એક પ્રસાદી સ્થાનની લીલા વાર્તા બાળ મંડળમાં કહો.

◆ સંસ્કાર સિંચન :

(૧) ઘનશ્યામનો જન્મ કયા વારે થયો હતો ?
 ❋ગુરૂવાર ❋ સોમવાર ❋ શનિવાર

(૨) ઘનશ્યામનો જન્મ ક્યારે થયો હતો ?
 ❋રાત્રે ❋ દિવસે ❋ સંધ્યા સમયે

(૩) ઘનશ્યામનો જન્મ કઈ તિથિએ થયો હતો ?
 ❋નોમ ❋ આઠમ ❋ અગિયારસ

(૪) છપૈયામાં ઘનશ્યામ ક્યાં સ્નાન કરવા જતા હતા ?
 ❋ નારાયણ સરોવર ❋ મીન સરોવર ❋ ખાંપા તલાવડી

રંગ પૂરો



# પુષ્પ - ૬. મારા મામાના સાધુ

સૌરાષ્ટ્રમાં ગુંદાળી નામે એક ગામ આવેલું છે. આ ગામમાં કાઠી જ્ઞાતિના એક ડોશી સત્સંગી હતા. ડોશીમાને બે દિકરા. એકનું નામ મામૈયો અને બીજાનું નામ મેરામણ. ડોશીને સાસરીમાં સત્સંગ બહુ નહી પરંતુ પિયરમાં સત્સંગ ખુબ સારો. ને પરણીને આવ્યા ત્યારે પોતાની સાથે ભગવાન સ્વામિનારાયણ તથા સત્સંગ પણ લઈને આવેલા.

એકવાર સાંજના સમયે આપણાં બે સાધુ તેમનાં ઘેર આવ્યા. ડેલીમાં તેને ઉતારો આપ્યો. રાંધવા માટે ખીચડીનું કાચું સીધું આપ્યું. સંતોએ ઈંટોનો ચૂલો બનાવીને ખીચડી રાંધવા મૂકી.

ગામનાં ચોકમાં ગામ ધણી કાઠી દરબારને ખબર પડી કે ગામમાં ડોશીને ઘેર સ્વામિનારાયણનાં બે સાધુ આવ્યા છે. આસુરી વૃત્તિવાળો ગામ ધણી ઉતાવળે ડોશીને ઘેર આવીને સાધુઓને ધમકાવવા લાગ્યો. ડોશીને કહ્યું કે આ સાધુઓને અત્યારે જ કાઢી મૂક. ડોશી કહે, સાધુ આખા દિવસનાં ભૂખ્યાં છે તેને જમી લેવા દો, જમીને ચાલ્યા જશે. આ સાંભળીને ગામનો મુખી વધુ ગુસ્સે થયો અને ખીચડીનાં તપેલાને લાત મારીને ખીચડી ઢોળી નાંખી. સાધુઓ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલતાં ત્યાંથી જતાં રહ્યાં.

સાંજે મામૈયો અને મેરામણ ખેતરથી આવ્યા એટલે ડોશી રડવા લાગ્યા. દિકરાઓએ કારણ પુછયું તો મા કહે : " બેટા ! તમારા મામાના સાધુ આપણા ઘેર આવેલા પણ ગામ ધણીએ તેમનું અપમાન કરી કાઢી મુકયા." ડોશીએ બધી વાત કરી અને કહ્યું કે મારા જુવાન દિકરા હોવા છતાં મારા સાધુને ઘેરથી ભૂખ્યા જવું પડે !

દિકરાઓથી આ સહન ન થયું. દિકરાઓએ નક્કી કર્યું કે આપણા મામાના સાધુઓને કાઢી મૂકનારને આપણે જરૂર દંડ દેવો.

એક ગાડામાં ઘરનો સામાન અને ડોશીને બેસાડીને ગાડું બીજે ગામ મોકલી દીધું.

આ બાજુ બંને ભાઈઓ ખુલ્લી તલવારો લઈને ગામના ચોકમાં જઈ ચડ્યા. હાંકોટો માર્યો,

મારા મામાના સાધુને કોણે કાઢી મૂક્યા ? મુખી કહે મેં કાઢી મૂક્યા !

જંગલનો રાજા સિંહ જેમ શિકાર પર તૂટી પડે તેમ બંને ભાઈઓ મુખી ઉપર તૂટી પડ્યા. મુખીનાં રામ રમી ગયા. જોતજોતામાં ધીંગાણું થયું અને બંને ભાઈ તેમાં ખપી ગયા. શ્રીજી મહારાજ વિમાન લઈને મામાના સાધુનો પક્ષ રાખનારાં આ બંને ભાઈઓને અક્ષરધામમાં તેડી ગયાં.

બાળમિત્રો આજથી આપણે પણ ભગવાનનાં સાધુ અને ભક્તોનો પક્ષ રાખીને શ્રીજી મહારાજને રાજી કરીએ. સત્સંગનું મમત્ત્વ રાખીએ તો પ્રભુ રાજી થાય.



## ૬. મારા મામાના સાધુ

સ્વાધ્યાય

(૧) ડોશીના બંને દિકરાઓના નામ જણાવો.

(૨) ડોશીએ સાધુઓને શેનું સીધુ આપ્યું હતું ?

(૩) ખીચડીના તપેલાને લાત કોણે મારી હતી ?

(૪) ડોશીના દિકરાઓએ ગામના મુખીને શા માટે મારી નાંખ્યો હતો ?

- શા માટે :

  આપણે સત્સંગીનો પક્ષ શા માટે રાખવો જોઈએ.

- પ્રવૃત્તિ :

  દૃઢ પણે સત્સંગીનો પક્ષ રાખ્યો હોય તેવા હરિભક્તોની યાદી બનાવો.

- વિશેષ :

  સત્સંગીનો દૃઢ પક્ષ રાખનાર કોઈ એક હરિભક્તની વાત બાળ મંડળમાં કરો.

- સંસ્કાર સિંચન :

(૧) ધર્મદેવ-ભક્તિમાતાના ગુરૂનું નામ જણાવો ?

◆ આત્માનંદજી સ્વામી ◆ રામાનંદ સ્વામી ◆ માર્કન્ડેય ઋષિ

(૨) ઘનશ્યામના મામાની અટક શું હતી ?

◆ તિવારી ◆ ત્રિવેદી ◆ દુબે

(૩) ઘનશ્યામે ગૃહ ત્યાગ કયા સમયે કર્યો ?

◆ રાત્રે ◆ બપોરે ◆ વહેલી સવારે

(૪) ઘનશ્યામે 'મીઠાઈની લીલા' કયા ગામે કરી હતી ?

◆ તિનવા ◆ અયોધ્યા ◆ છપૈયા

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રા | ગ | ઢ | ડા | વ | ચ | ના | મૃ | ત | સ | ભા | શ્રી |
| વ | સ્વા | મિ | ના | અ | રા | ય | ણ | ભ | ગ | વા | ન |
| ણ | સ | ત્ય | શિ | મ | છે | શ્રી | ન | ર | ના | રા | ય |
| વ | ણ | દે | વ | દા | સ | મુ | દ્ર | મં | થ | ન | સ |
| ધ | ર્વો | પ | વિ | વા | રિ | છે | ધ | ર્મ | કુ | ળ | નો |
| અ | મ | દા | વા | દ | શ | હે | ર | ચો | ર્યા | શી | આ |
| શ | રો | જે | હ | રં | ણે | ક | ર્યો | હ | શે | તે | ને |
| બી | જુ | કાં | ઈ | ગો | પં | ચા | ળા | રા | સ | લી | લા |
| લો | યા | શા | કો | ત્સ | વ | ક | ર | વા | નું | ર | હે |
| તુ | ન | થી | ગો | વ | ર્ધ | ન | લી | લા | તે | મ | મા |
| વ | ડ | તા | લ | શિ | ક્ષા | પ | ત્રી | લે | ખ | ન | ન |
| જે | ત | લ | પુ | ર | મ | હા | વિ | ષ્ણુ | યા | ગ | વું |

ઉપર દર્શાવેલ ચોકઠામાં ભગવાને મનુષ્ય અવતારમાં કરેલ લીલા તથા અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને કરેલ લીલાઓના નામ શોધી કાઢી લખો

# પુષ્પ - ૭. આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ



વિ.સં.૧૮૬૫ના જેઠ સુદ-૧૧ને ગુરુવારનાં રોજ અયોધ્યાનગરીમાં રામપ્રતાપભાઈને ઘેર એક પુત્રનો જન્મ થયો. નામ પડ્યું અવધપ્રસાદ.

અવધપ્રસાદને લાડકોડથી ઉછેરવા લાગ્યા. છપૈયામાં નારાયણ સરોવરને કાંઠે ચૌલ સંસ્કારવિધિ(બાબરી) કરી. આઠ વર્ષની ઉંમરે અયોધ્યામાં યજ્ઞોપવિત સંસ્કાર કર્યો. તેમના પગમાં પદ્મનું ચિન્હ હતું તે જોઈને સુવાસીની બા ખૂબ જ હરખાતા.

અયોધ્યાપ્રસાદનાં ગુણગાન સૌ કોઈ ગાવાં લાગ્યાં. ચારવેદ અને પુરાણનો અભ્યાસ પૂરો કર્યો. જાતે કિર્તનો બનાવીને પિતાજી પાસે ગાઈ સંભળાવતા. દરરોજ હનુમાનગઢી દર્શન કરવા જાય, કથા સાંભળે, પિતાજીની સેવા કરે.

થોડાં વરસો પછી સ્વામિનારાયણ ભગવાને ધર્મકૂળને પોતાની પાસે તેડાવ્યું. સંપ્રદાયમાં બે ગાદીની સ્થાપના કરી જેમાં નરનારાયણદેવ દેશની ગાદી અયોધ્યાપ્રસાદજી અને લક્ષ્મીનારાયણ દેવ દેશની ગાદી રઘુવીરજીને સોંપીને આચાર્યપદે સ્થાપના કરી.



અયોધ્યાપ્રસાદજી મહારાજે ઈડર, માંડવી, છપૈયા વગેરે સ્થાનોમાં ભવ્ય મંદિરો બંધાવ્યા તેમજ અમદાવાદમાં કાંકરીયા, નારણપુરા, નારણઘાટ, જમીયતપુરા, અસારવામાં ભક્તોની રક્ષા માટે હનુમાનજીની સ્થાપના કરી.

એકવાર જેતલપુર વાડીમાં શ્રીજી મહારાજ બોરસલીનાં ઝાડ નીચે સભા કરીને બેઠાં હતાં ત્યારે પૂ.બાપજીએ "હરિ મિલે બોરસડી કી છૈયા" કિર્તનની રચના કરીને ગાયું તેથી મહારાજ તેમના ઉપર બહુરાજી થયા. આમ તેઓ ઉત્તમ આચાર્ય સાથે શીઘ્ર કવિ પણ હતા.

નિત્ય પૂજામાં દરરોજ ધ્યાનમાં બેસતા ને ઘણા દિવસ સુધી સમાધિમાં પણ રહેતા. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ સત્સંગમાં કરેલી સેવાના ભાગરૂપે વિદ્યમાન આચાર્ય પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે આભાર વ્યક્ત કરવા પૂ.બાપજીની જન્મ જયંતી નિમિત્તે " ધર્મકુળ વંદના મહોત્સવ " ખૂબજ ધામધૂમથી ઉજવ્યો હતો. જેમાં દેશ-વિદેશથી લાખો હરિભક્તોએ લાભ લીધો હતો.

ધન્ય છે આવાં ધર્મકૂળને !

## ૭. અયોધ્યા પ્રસાદજી મહારાજ

સ્વાધ્યાય

યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પુરો

(૧) અયોધ્યા પ્રસાદજી મહારાજની ચૌલ વિધિ --------------સ્થળે કરી હતી.

(૨) અયોધ્યા પ્રસાદજી મહારાજ અયોધ્યામાં ----------- સ્થળે દરરોજ દર્શન કરવા જતા હતા.

(૩) શ્રીજી મહારાજે શ્રી નરનારાયણદેવ દેશની ગાદી ------------ને સોંપી હતી.

(૪) જન્મ સ્થાન છપૈયામાં પ્રથમ મંદિર ----------------એ બંધાવ્યું હતું.

- શા માટે :
  સ્વામિનારાયણ સંપ્રદાયમાં હનુમાનજીના મંદિરો શા માટે બાંધવામાં આવે છે.
- પ્રવૃત્તિ :
  અયોધ્યા પ્રસાદજી મહારાજે સ્વહસ્તે બંધાવેલા મંદિરોની યાદી બનાવો.
- વિશેષ :
  અયોધ્યા પ્રસાદજી મહારાજે બંધાવેલા હનુમાનજીનાં મંદિરોની યાદી બનાવો.


- સંસ્કાર સિંચન :

(૧) છપૈયામાં ઘનશ્યામનું ખેતર કયા નામથી ઓળખાય છે ?
ત્રિકોણીયું ખેતર ● સાનિધ્ય ફાર્મ ● સુમિત બાગ

(૨) ઘનશ્યામના મિત્રનું નામ જણાવો ?
કુબેર ● વેણી ● ભગલો

(૩) ઘનશ્યામના ઘેર ચોર શેની ચોરી કરવા આવ્યા હતા ?
જાંબુ ● કેરી ● ફણસ

(૪) શ્રીજી મહારાજે રાધારમણદેવ ક્યાં પધરાવેલા છે ?
ભૂજ ● જુનાગઢ ● મૂળી



# પુષ્પ - ૮. કુંભકર્ણ


દોસ્તો, રાવણને કોણ ન ઓળખે ! લંકા નગરીના રાજા રાવણને બે ભાઈ હતા. એકનું નામ વિભિષણ અને બીજાનું નામ કુંભકર્ણ.

કુંભકર્ણને બે દિકરા હતા. એકનું નામ કુંભ અને બીજાનું નિકુંભ. કુંભકર્ણ રાવણને ખૂબજ વફાદાર હતો.

સ્વર્ગના રાજા ઈન્દ્રનું ઈન્દ્રાસન પડાવી લેવાની ઈચ્છાથી કુંભકર્ણએ ખૂબજ આકરું તપ કર્યું અને બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ તેને વર માંગવા કહ્યું એટલે પ્રભુ ઈચ્છાથી તેણે ઈન્દ્રાસન માંગવાને બદલે ઉતાવળમાં તેનાથી નિંદ્રાસન બોલાઈ ગયું. બ્રહ્માએ તક ઝડપીને તુરંત તથાસ્તુ કહી દીધું. બ્રહ્માજી પાસે તે કરગરવા લાગ્યો કે મારી ભૂલ થઈ ગઈ, મારે તો ઈન્દ્રાસન જોઈએ છીએ. બ્રહ્મા કહે અમારું વરદાન હવે મિથ્યા ન થાય પણ તને થોડી રાહત કરી આપું. હવેથી તારે છ મહિના ઊંઘવાનું (નિંદ્રાસન) અને છ મહિના જાગવાનું.



રામ-રાવણનાં યુધ્ધ વખતે આ ભાઈનો વારો નિંદ્રાસનનો હતો. રાવણે ઢોલ-નગારા વગાડીને ખૂબજ પ્રયત્ન કર્યો ત્યારે માંડ માંડ જાગ્યો અને જાગે એટલે પછી ભૂખ લાગે એટલે ખાવાનું ચાલુ થાય. છેવટે કુંભકર્ણ યુધ્ધમાં લડવા ગયો અને શ્રીરામ ભગવાનની સાથે ભયંકર યુધ્ધ કર્યું અને અંતે શ્રીરામનાં હાથે મૃત્યુ પામ્યો.



## ૮. કુંભકર્ણ

સ્વાધ્યાય

(૧) રાવણના બંને ભાઈઓના નામ જણાવો.
(૨) કુંભકર્ણના બંને દિકરાઓના નામ જણાવો.
(૩) કુંભકર્ણ કોના હાથે મૃત્યુ પામ્યો હતો.
(૪) કુંભકર્ણએ તપ કરીને કોને પ્રસન્ન કર્યા હતા ?

❋ શા માટે :
દેવો શા માટે વરદાન આપે છે ?

❋ પ્રવૃત્તિ :
દેવોએ પ્રસન્ન થઈને કોને કોને વરદાન આપ્યા હતા તેની યાદી બનાવો.

❋ વિશેષ :
કોઈ એક દેવતાએ પ્રસન્ન થઈને આપેલા વરદાનની વાત બાળમંડળમાં કહો.

❋ સંસ્કાર સિંચન :

(૧) બ્રહ્માનંદ સ્વામીનો જન્મ ભારતના કયા રાજ્યમાં થયો હતો ?
❋ મધ્ય પ્રદેશ ❋ ઉત્તર પ્રદેશ ❋ રાજસ્થાન

(૨) ગોપાળાનંદ સ્વામીએ કયા શહેરમાં વિદ્યાભ્યાસ કર્યો હતો ?
❋ કાશી ❋ વડોદરા ❋ ભૂજ

(૩) વડોદરાની ધર્મસભામાં કોને વિજય મળ્યો હતો ?
❋ બ્રહ્માનંદ સ્વામી ❋ ગોપાળાનંદ સ્વામી ❋ મુક્તાનંદ સ્વામી

(૪) શ્રીકૃષ્ણએ કઈ નગરી વસાવી હતી ?
❋ ગોકુળ ❋ દ્વારકા ❋ મથુરા



# પુષ્પ - ૯. સુદામા

મિત્રો, સુદામાને યાદ કરીએ એટલે કૃષ્ણ-સુદામાની દોસ્તી યાદ આવે ! તેઓ બાળપણનાં મિત્રો હતા. સાંદિપની ઋષિનાં આશ્રમમાં સાથે ભણતા, રમતા અને સેવા કરતા.

એકવાર ગુરૂજીએ તે બંનેને જંગલમાં લાકડા વીણવા મોકલ્યા અને ખાવા માટે દાળીયા(ચણા)ની પોટલી બાંધીને સુદામાને આપીને કહ્યું કે ભૂખ લાગે ત્યારે બંને સાથે ખાઈ લેજો. બપોરનો સમય થયો. સુદામાને તીવ્ર ભૂખ લાગી હતી. કૃષ્ણ થોડાં દૂર હતા એટલે સુદામાંએ એકલા જ ચણા ખાવાનું ચાલુ કર્યું. બહુજ ભૂખ લાગી હતી એટલે બધા જ ચણા સ્વાહા કરી ગયા. સુદામાએ કૃષ્ણને વાત ન કરી કે આપણા માટે ગુરૂજીએ ચણા આપ્યા હતા. સુદામા કૃષ્ણને કહે તો તેનો ફજેતો થાય ! સાંજે બંને આશ્રમમાં પાછા ફર્યા. અભ્યાસ પૂરો થવાથી સૌ પોતપોતાના ઘેર પાછા ફર્યા.

સમય જતાં કૃષ્ણએ દ્વારકાનગરી વસાવી તેના રાજા બન્યા. સુદામાએ પોરબંદરમાં પોતાનો ઘર સંસાર વસાવ્યો. સુદામાને ગરીબી એટલી બધી કે રોજ ભિક્ષાવૃત્તિ કરે તોય માંડ માંડ ખાવાનું પુરું થાય.



સુદામાની પત્ની તેમને તેના મિત્ર કૃષ્ણ પાસે જઈને કાંઈક ધન માંગી લાવવાનું વારંવાર કહેતી.

આખરે એકદિવસ સુદામાં એક પોટલીમાં ત્રણ મુઠી પૌંઆ બાંધીને ઉપડ્યા દ્વારકાની વાટે !

રસ્તામાં સુદામા કૃષ્ણનાં ભાગનાં ચણા ખાવાની ભૂલ બદલ માફી માંગે છે અને મનમાં ખૂબજ પસ્તાવો કરે છે. બે દિવસે સુદામાં દ્વારકાનગરીમાં આવે છે. કૃષ્ણ તેમને ભેટી પડે છે. અંતર્યામી પ્રભુ, સુદામા પાસેથી પોટલી માંગી લે છે અને ત્રણ મુઠી પૌંઆ ખાઈને સુદામાની ગરીબી દૂર કરે છે. બંને મિત્રો બાળપણની વાતોને યાદ કરે છે. બંનેની આંખમાં હરખના આંસુ આવે છે ! સુદામા તેને જંગલમાં લાકડા લેવા ગયાની વાત યાદ કરાવે છે અને પોતે કૃષ્ણનાં ભાગનાં ચણા ખાઈ ગયા હતા તે વાત સ્વીકારે છે અને કૃષ્ણની માફી માંગે છે. કૃષ્ણ સુદામાને ઉપદેશ આપતા કહે છે કે જે કોઈ માણસ બીજાના ભાગનું લઈ લે છે તો તેને અવશ્ય દારિદ્ર(ગરીબાઈ) આવે છે. એટલે બાળમિત્રો આપણે પણ બીજાના ભાગનું કે બીજાની વસ્તુ તેને પૂછ્યા વગર લેવી જોઈએ નહીં. શિક્ષાપત્રીમાં પણ એજ આજ્ઞા કરેલી છે.



## ૯. સુદામા

**સ્વાધ્યાય**

**જોડકાં જોડો**

| | | |
|---|---|---|
| ૧. કૃષ્ણ | ❀ | આજ્ઞા |
| ૨. સુદામા | ❀ | આશ્રમ |
| ૩. સાંદિપની | ❀ | દ્વારકા |
| ૪. શિક્ષાપત્રી | ❀ | પોરબંદર |

❀ શા માટે :

આપણે કોઈના ભાગની વસ્તુ શા માટે ન લેવી જોઇએ.

❀ પ્રવૃત્તિ :

શ્રીકૃષ્ણ ભગવાનની કોઇ એક લીલા વાર્તા વાંચો

❀ વિશેષ :

શ્રીકૃષ્ણ ભગવાનની કોઇ એક લીલા વાર્તા બાળમંડળમાં કહો.

❀ સંસ્કાર સિંચન :

(૧) સંપ્રદાયમાં ભાવિ આચાર્ય પૂ.લાલજી મહારાજશ્રીનાં નામની આગળ કયો અંક લખવામાં આવે છે ?

❀ ૧૦૦૮ ❀ ૧૦૮ ❀ ૧૦૧

(૨) શ્રી નરનારાયણદેવ કયા ધામમાં બિરાજે છે ?


❀ કૈલાશ ❀ પુલહાશ્રમ ❀ બદ્રિકાશ્રમ

(૩) નારણઘાટ કઈ નદીને કિનારે આવેલું છે ?

❀ ઘેલા ❀ સાબરમતી ❀ ગોમતી

(૪) શ્રીકૃષ્ણ ભગવાનનું શસ્ત્ર કયું છે ?

❀ તલવાર ❀ ગદા ❀ સુદર્શન ચક્ર



# પુષ્પ - ૧૦. વિશ્વાસ તો દાદા ખાચરનો




હું ગઢડાનો ને ગઢડું મારૂં, એ તો કદી નથી મટવાનું.

વનવિચરણ દરમિયાન ગોદોહન માત્ર ક્યાંય નહિ રોકાનારા અનંતકોટિ બ્રહ્માંડના ધણી ભગવાન શ્રી સ્વામિનારાયણ દાદા ખાચરની વિશ્વાસરૂપી ભક્તિનાં તાંતણે બંધાઈને આજીવન એમના ઘેર રહ્યા ! દાદાના લગ્ન કરાવ્યા, દાદાની જાનમાં ગયાં, દાદાનો બધો વહેવાર સંભાળ્યો ! મહારાજ સભામાં કહેતા કે દાદો તો મારો દાદો જ છે એને તોલે કોઈ ના આવે !

કાઠી દરબારોને દાદાનાં વખાણ થાય એટલે પેટમાં દુખે ! ભણે, દાદામાં એવું તો શું છે ? જે આપણામાં નથી ! ભણે, કોઈ દન આપડા વખાણ નથી કરતા.

મહારાજે વિચાર્યું કે પેટના દુઃખાવાની દવા તો કરવી જ પડે. સત્સંગીએ કોઈની ઈર્ષ્યા ન કરવી. મહારાજે એક દિવસ સવારના પહોરમાં એક મોટું કોળુ અને એક સાંકડા મોઢાવાળું માટલું મંગાવ્યું.

કાઠી દરબારો અંદરોઅંદર ગુસપુસ કરવા લાગ્યા. આ કોળાને અને માટલીને નહાવા નીચોવાનોય સંબંધ નથી. પણ બાપે મંગાયુ છે એટલે નક્કી કાંઈક નવા જુની કરશે ! ચાલો જોવા તો જઈએ.




મહારાજે દાદા ખાચરને બોલાવ્યા. મહારાજ કહે, દાદા આ કોળાને માટલામાં નાંખીને લેતા આવો. મોટા મોટા બધાં અંદરોઅંદર મલકાવા લાગ્યા.

દાદા તો કોળુ અને માટલું લઈને બેસી ગયા. કોળાને બધી બાજુથી વારાફરતી ફેરવે પણ....આમ, કરતાં બપોર થયા. બધા જમીને પરવાર્યા. બ્રહ્માનંદ સ્વામીને દાદા ઉપર દયા આવી એટલે સમજાવવા લાગ્યા કે દાદા ! આ કોળુ મોટુ અને માટલાનું મોઢું સાંકડુ એટલે કોળું માટલામાં અંદર જઈ શકે નહિ માટે આ માથાકૂટ રેવા દો અને મહારાજને કહો કે આમ ન થઈ શકે.

દાદા કહે, સ્વામી, મહારાજે કહ્યું એટલે કોળુ માટલામાં અંદર જાય જ પણ મને એ રીત નથી આવડતી ! બ્રહ્માનંદ સ્વામીએ મહારાજ પાસે જઈને વિગત કહી એટલે મહારાજે દાદાને પોતાની પાસે બોલાવ્યા. રાહ જોઈને બેઠેલા કાઠી દરબારો પણ આવ્યા એટલે મહારાજે તેમનો મત પૂછ્યો. બધા એક સાથે બોલ્યા : ઈ તો નાના ગીગલાનેય ખબર પડે, ભણે કોળું 'ઈ'માં ન જાય. મહારાજે દાદાને પૂછ્યું, દાદા બોલ્યા : મહારાજ તમે કહ્યું એટલે જાય જ પણ મને ઈ રીત નથી આવડતી.

મહારાજ કહે, ભગવાનની આજ્ઞામાં જે પોતાની બુધ્ધી ન વાપરે તેને વિશ્વાસુ ભક્ત જાણવો. અમો આવાં વિશ્વાસુ ભક્તનેજ વશ થઈએ છીએ. આ સાંભળી સૌના મનનું સમાધાન થયું.

બાળમિત્રો, આજથી આપણે પણ ભગવાનની આજ્ઞામાં શંકા કે તર્ક કર્યા વગર વિશ્વાસ રાખીને પાળીએ.



## ૧૦. વિશ્વાસનો દાદા ખાચરનો

સ્વાધ્યાય

(૧) દાદા ખાચર ------ જ્ઞાતિના હતા.

(૨) શ્રીજી મહારાજ -------- ની જાનમાં ગયા હતા.

(૩) શ્રીજી મહારાજે દાદા ખાચરના --------ની કસોટી કરી.

(૪) શ્રીજી મહારાજે દાદા ખાચરને કોળું------------માં નાંખવા કહ્યું.

- શા માટે :

શ્રીજી મહારાજ દાદા ખાચરને ઘેર આજીવન શા માટે રહ્યા હતા ?

- પ્રવૃત્તિ :

દાદા ખાચરનો કોઈ એક જીવન પ્રસંગ વાંચો.

- વિશેષ :

દાદા ખાચરનાં જીવન પ્રસંગની કોઈ એક વાત બાળ મંડળમાં કહો.

- સંસ્કાર સિંચન :

(૧) સ્ત્રી ભક્ત વજીબા કયા ગામના હતા ?

● વિસનગર ● વિજાપુર ● રતાંગ

(૨) શિક્ષાપત્રીમાં આસો વદ ચતુર્દશીને દિવસે કોની પૂજા કરવાનું કહ્યું છે ?

● હનુમાનજી ● ગણપતિ ● શંકર

(૩) શ્રીજી મહારાજે સ્વહસ્તે સૌ પ્રથમ કયા દેવ પધરાવ્યા ?

● રાધારમણદેવ ● લક્ષ્મીનારાયણદેવ ● નરનારાયણદેવ

(૪) દાદા ખાચરના પિતાનું નામ જણાવો ?

● એભલ ખાચર● જીવા ખાચર ● અમરા ખાચર

# પુષ્પ - ૧૧. નટવિદ્યા

સાંજના ચાર પાંચ વાગ્યાનો સમય હતો. શ્રીજી મહારાજ અમદાવાદ શ્રી નરનારાયણદેવના મંદિરના ચોકમાં સભા ભરીને બેઠા હતા. દસબાર નટોએ આવીને નમસ્કાર કર્યા. નટોએ પોતાની રમત રમવા માટે મહારાજ પાસે વિનંતી કરી એટલે મહારાજે રાજી થઈને હા પાડી.

પ્રભુની મંજુરી મળતાં નટોએ વાજીંત્રો વગાડીને રમત રમવાનું ચાલુ કર્યું. સંતો આંખો બંધ કરીને ધ્યાનમાં બેસી ગયા. મહારાજ બોલ્યા : હે સંતો, આ રમતથી તમોને ઉપદેશ મળે તેમ છે માટે આ રમત તમે જુઓ.

નટોએ બંને તરફ વાંસ ઉભા કરીને વચમાં દોરડું બાંધ્યું. દોરડા ઉપર બે નટ સામસામે કુદતા હતા. આધાર વગર સામસામે ચાલવા લાગ્યા ! આવી અદ્‌ભુત રમત જોઈને શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા. સમગ્ર સભા તાળીઓ પાડવા લાગી. નટોએ પોતાની રમત પૂરી કરીને મહારાજની સામે હાથ જોડીને ઉભા રહ્યા. મહારાજે બધા નટોને લાડુ અપાવ્યા તેમજ મંદિરના કોઠારીને બોલાવીને પૈસા અપાવીને નટોને રાજી કર્યા અને મોક્ષનો વર આપ્યો. નટો રવાના થયા.

શ્રીજી મહારાજે સંતો, હરિભક્તોને કહ્યું, દોરડા ઉપર ચાલતા નટોની નજર એટલે કે મનોવૃત્તિ દોરડા સિવાય બીજે ક્યાંય ન હતી. ભગવાનનો ભક્ત પોતાની મનોવૃત્તિ કેવળ



ભગવાનની મૂર્તિમાં જ રાખે તો તેના તમામ કાર્યો સિધ્ધ થાય છે. મનોવૃત્તિ સ્થિર થયા સિવાય કોઇ કામ સફળ થતું નથી, માટે ભગવાનના ભક્તએ સેવા, પૂજા, ભજન, કિર્તન, કથાવાર્તા વિગેરેમાં પોતાની વૃત્તિ કેવળ ભગવાન સાથે જ જોડવી. ઉપરાંત વ્યવહાર કાર્યમાં પણ મનની વૃત્તિ તો ભગવાનની મૂર્તિમાં જ જોડી રાખવી તો તેને સર્વકાર્ય સિધ્ધ થાય છે.

સૌ સંતો, હરિભક્તો આ વાત સાંભળી ઘણા રાજી થયા અને આજથી પોતાના મનની વૃત્તિ કેવળ ભગવાનમાં જ રહે તેમ કરવાનું મનમાં નક્કી કર્યું.

બાળદોસ્તો, આપણે પણ આજથી નક્કી કરીએ કે જે પણ કામકાજ કરીએ ત્યારે ભગવાનને સંભારી રાખવા.

## ૧૧. નટ વિદ્યા

સ્વાધ્યાય

જોડકાં જોડો

| | |
|---|---|
| ૧. નટ | ૧. પૈસા |
| ૨. સંતો | ૨. રમત |
| ૩. શ્રીજી મહારાજ | ૩. મોક્ષનો વર |
| ૪. કોઠારી | ૪. ધ્યાન |

★ શા માટે : શ્રીજી મહારાજે શા માટે નટોને રમાડ્યાં ?

★ પ્રવૃત્તિ : તમને આવડતી રમતોની યાદી બનાવો.

★ વિશેષ : તમને આવડતી કોઇ એક રમત બાળ મંડળમાં રમાડો.

★ સંસ્કાર સિંચન :

(૧) ભગવાન ગણેશના ભાઇનું નામ જણાવો ?

★ કાર્તિકેય ★ નંદી ★ ગજાનન

(૨) કયા દેવની પૂજા 'લિંગ' સ્વરૂપે થાય છે ?

★ બ્રહ્મા ★ શંકર ★ હનુમાન

(૩) સુરા ખાચર કયા ગામના વતની હતા ?

★ ગઢડા ★ કારીયાણી ★ લોયા

(૪) શિક્ષાપત્રીમાં સવારે ક્યારે ઉઠવાની આજ્ઞા કરી છે ?

★ સૂર્યોદય સમયે ★ સૂર્યોદય પહેલાં ★ સૂર્યોદય પછી

# પુષ્પ - ૧૨. જેતલપુરના ગંગામા



અમદાવાદની બાજુમાં જેતલપુર નામે એક ગામ આવેલું છે. આ ગામમાં નાગર બ્રાહ્મણ જ્ઞાતિના ગંગામા રહે. રામાનંદ સ્વામીના શિષ્યા હતા એટલે રામાનંદ સ્વામી આવતા ત્યારે તેમને ઘેર થાળ જમતા. હાલ, જેતલપુર મંદિરમાં રાધાકૃષ્ણદેવની કાળા રંગની જે મૂર્તિ છે તે મૂર્તિ ગંગામાને હાથે દૂધનો કટોરો પી જતી હતી. આમ, બીજાને જમાડવાનો એમને ઉમંગ હતો. શ્રીજી મહારાજ જ્યારે એકગામથી બીજા ગામ જાય ત્યારે ગંગામા જો સાથે હોય તો પોતાનાં માથા ઉપર ટોપલામાં સળગતી સગડી રાખીને તેમાં દાળ-શાક ચડતાં હોય એ રીતે પ્રભુની સાથે ચાલે અને જમવાનો સમય થાય એટલે માથા ઉપરથી સગડીમાંથી ગરમા ગરમ ભોજન કાઢીને શ્રીજી મહારાજને પીરસે ! માતા જેમ પોતાના દિકરાને ભાવથી જમાડે એવા ભાવથી ગંગામા શ્રીજી મહારાજને જમાડતા. આવા ભાવને લઈને મહારાજ ગંગામાને 'મા' કહીને બોલાવતા. શ્રીજી મહારાજ મા કહે એટલે સંતો, હરિભક્તો વગેરે તેમને 'મા' કહીને બોલાવતા. ગંગામા પણ સંતો-હરિભક્તો ઉપર એવોજ વાત્સલ્ય ભાવ રાખતા.

હાલમાં જ્યાં મંદિર છે ત્યાં સાધુનો આશ્રમ હતો અને તેના ચોકમાં ગંગામાની ઓરડી હતી. સંતોએ ગંગામાને કહ્યું, મા, આ ઓરડી ખાલી કરી આપો તો બીજી જગ્યાએ સરસ નવી ઓરડી બનાવી દઈએ. ગંગામા કહે, આ ઓરડીમાં તો રામાનંદ સ્વામી અને મહારાજ ઘણીવાર જમ્યા એટલે પ્રસાદીની કહેવાય માટે ખાલી ન કરાય.

એક દિવસ ગંગામાં અમદાવાદ ગયા એટલે સાધુઓએ ઓરડી પાડીને મેદાન કરી નાંખ્યું અને સામાન બીજી ઓરડીમાં મૂકી દીધો. ગંગામાં આવ્યા અને વાત સમજી ગયા. ગંગામાનાં મોઢામાંથી મણ મણની ગાળો નીકળવા માંડી, સાધુડાઓએ મારી ઓરડી પાડી નાંખી ! એવામાં ગામનો એક બાવો જે સત્સંગનો વિરોધી હતો તેણે ગંગામાનો પક્ષ લઈ સાધુઓને ગાળો બોલવા માંડી.

ગંગામાએ એક ઈંટ ઉપાડી એટલે બાવો ખુશ થઈને વધારો ગાળો બોલવા લાગ્યો પણ આ શું ! ગંગામાએ ઈંટ બાવા તરફ ફેંકી ! નાલાયક નીકળ અહીંથી, આ સાધુઓ મારા દિકરા છે એને તું શેનો ગાળો બોલે ! ભાગ અહીંથી નહિંતર તારું માથું ફોડી નાંખીશ.

બાવો કહે, મૂઈ ડોશી ! માંય તો એકની એકજ છે એમ બબડતો બબડતો ભાગી ગયો.

બાળમિત્રો, આપણે પણ સંતો-હરિભક્તો માટે ગંગામા જેવો પક્ષ રાખવો જોઈએ.

### ૧૨. જેતલપુરનાં ગંગામા

સ્વાધ્યાય

(૧) જેતલપુરનાં ગંગામા કઈ જ્ઞાતિના હતા?
(૨) શ્રીજી મહારાજ કોને 'મા' કહીને બોલાવતા હતા?
(૩) ગંગામાની ઓરડી કોણે પાડી નાંખી હતી.
(૪) વૈરાગી બાવો શું બબડતો બબડતો ભાગ્યો હતો?

- શા માટે : આપણે સત્સંગીનો ગંગામા જેવો દૃઢ પક્ષ શા માટે રાખવો જોઈએ?
- પ્રવૃત્તિ : જેતલપુર ધામની મુલાકાત લો.
- વિશેષ : શ્રીજી મહારાજે જેતલપુરમાં કરેલી કોઈ એક લીલાનો પ્રસંગ બાળ મંડળમાં કહો.

- સંસ્કાર સિંચન :

(૧) શ્રીજી મહારાજની પ્રસાદીભૂત 'અક્ષર ઓરડી' ક્યાં આવેલી છે?
* લોજ * કારીયાણી * પીપલાણા

(૨) જોબનપગી કયા ગામના વતની હતા?
* વડતાલ * ગઢડા * જુનાગઢ

(૩) નિષ્કુળાનંદ સ્વામીનું પૂર્વાશ્રમનું નામ જણાવો?
* લાડુદાન * ખુશાલ * લાલજી

(૪) પ્રસાદીભૂત 'માઢ' (મેડી) કયા ગામમાં આવેલ છે?
* કઠલાલ * વહેલાલ * જેતલપુર

# પુષ્પ - ૧૩. નાટક

- પ્રફુલ ખરસાણી

## જેટલી ચાદર હોય તેટલી સોડ તાણવી
## (શિક્ષાપત્રી શ્લોક નં. ૧૪૫)

પાત્રો :- હિંમતભાઈ, વીણા બેન, સાગર, જ્યોતિ અને સાગરના મિત્રો

દ્રશ્ય -૧

એક સામાન્ય મધ્યમ વર્ગના માણસનું ઘર. સોફા, ખુરશી અને ખૂણામાં એક નાનું મંદિર જેમાં શ્રીજી મહારાજની મૂર્તિ પધરાવેલ હોય. પરદો ખૂલતા હિંમતભાઈ છાપુ વાંચતા હોય અને વીણાબેન શાક સુધારતા હોય થોડીવારમાં

હિંમત :- અમેરિકા પાકિસ્તાનને ૨ અબજ ડોલરની સહાય કરશે...
(વીણા સામુ જોઈ)આ અમેરિકા વાળા બધાને બહુ સહાય કરે છે નહીં?

વીણા:- અને તમે નવું સ્કુટર લાવવાનું કહેતા'તા ને તો આ ટ્રમ્પભાઈ ને કહોને તમનેય સહાય કરશે.

હિંમત :- શું નામ તારું?

વીણા:- વીણા

હિંમત:- એટલે ગમે ત્યાં વાગવા નહીં મંડવાનું. કહું છુ, આ છોકરાઓ હજુ કેમ દેખાતા નથી? આજે તો સાગરનું રીઝલ્ટ છે અને જ્યોતિની વર્ષગાંઠ.
કહું છું આ જ્યોતિ મંદિર દર્શન કરી આવી કે નહીં?

વીણા :- હમણા આવે એટલે એને જ પૂછજો ને. ક્યાંથી જાય, વહેલા ઉઠે તો જાય ને? અને હવે કહેશે મારે મોડુ થઈ ગયું છે.

હિંમત:- સ્વામિનારાયણ, સ્વામિનારાયણ

વીણા:- સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નહીં....કોક વાર ખીજાવ, નહીં તો માથે છાણાં થાપશે. છાણાં..... અંદરથી આવતા

જ્યોતિ:- શીટ... રબીશ... કોણ છાણાં થાપશે?
(પગે લાગતા) જય સ્વામિનારાયણ મમ્મી, જય સ્વામિનારાયણ પપ્પા

હિંમત:- જય સ્વામિનારાયણ દિકરા. ખૂબ જીવો ને ભણી ગણી આગળ વધો.

જ્યોતિ:- બસ ખાલી આશીર્વાદ?

હિંમત:- બોલ શું ગીફ્ટ જોઈએ તારે?

જ્યોતિ :- સેમસંગ ગેલેક્સી ફોન

હિંમત :- સાંજે આવી જશે, બસ.

વીણા:- બોલ્યા સાંજે આવી જશે ચડાવો હજી મારે શું હું તો આ ચાલી મારે હજી બહુ

કામ પડ્યા છે.
(અંદર રસોડામાં જાય) (સાગર અંદરથી તૈયાર થતો આવે)

સાગરઃ- મમ્મી મારા મોજા કયાં છે?

જ્યોતિઃ- (ઓડિયન્સ સામે જોઈ)બોલો નામ સાગર છે ને મોજા બીજા પાસે માંગે છે

સાગરઃ- (જ્યોતિ સામે)બેસ ને ચાંપલી....
(હિંમત સામે જોઈ)પપ્પા આજે મારૂ રીઝલ્ટ છે આશીર્વાદ આપો.

હિંમતઃ- બેટા મારાને તારી મમ્મીના આશીર્વાદતો હંમેશા તારી સાથે જ છે.
તે જ્યોતિ ને વીશ કરી આજે એની બર્થડે છે.

સાગરઃ- (જ્યોતિ સામે)એચબીડી?

હિંમતઃ- એ શું?

જ્યોતિઃ- ફેસબુક અને વોટ્સ અપની શોર્ટ ભાષા છે હેપી બર્થ ડે....

હિંમતઃ- બર્યુ તમારુ ફેસબુક ને બર્યુ તમારુ વોટ્સ અપ આમ સામ સામા મળો ત્યારે તો ખુલીને મળતા જાવ ....શોર્ટમાં ને શોર્ટમાં તમારા સંબંધો પણ શોર્ટ થતા જશે. સારૂ હવે હું મંદિર જઈને આવું છું પછી આપણે વાત કરીએ (હિંમત જાય....)

જ્યોતિઃ- સાગર આજે મારો નવો મોબાઈલ આવી જશે...

સાગરઃ- હુંહ...નવો મોબાઈલ, સપના જો સપના

જ્યોતિઃ- ખરેખર....પપ્પાએ મને પ્રોમીસ કર્યું છે.

સાગરઃ- જોઈએ સાંજે (બહાર જાય. ધીમે ધીમે બ્લેક આઉટ અને લાઈટ ફેડ ઈન થાય ત્યારે શ્રીજી મહારાજની મૂર્તિ વાળા સિંહાસનમાં વીણા દીવા અગરબત્તી કરેલા હોય છે અને આરતી લઈ વીણા આખા ઘરમાં આરતી આપતી હોય તે રીતે ફરે હિંમત સિંહાસન પાસેથી ધીમે ધીમે સોફામાં બેસે)

વીણાઃ- સાંજ થઈ ગઈ પણ હજુ છોકરાઓ આવ્યા નહીં કહું છુ તમે જયોતિ ને કીધી હતું તો તેનો મોબાઈલ લાવ્યા કે નહીં પાછી આવીને રીસઈ જશે તો કામ મારે એકલી ને કરવું પડશે.

હિંમત:- લાવ્યો છું ભાઈ આ લઈને જ બેઠો છું તેની રાહ જોઈને

વીણાઃ- તો ઠીક, આ સાગર પણ હજુ રીઝલ્ટ લઈને ન આવ્યો, ફોન પણ નથી કરતો

હિંમતઃ- સસ્પેન્સ.... આજ કાલ તેની પણ મઝા હોય છે (સાગર આવે એકદમ ખુશ થતો)

સાગર: હલો એવ્રીબડી

વીણા: આવી ગયો બેટા.

હિંમત: શું આવ્યું રીઝલ્ટ?

સાગર: હમણા નહી જ્યોતિ આવે એટલે કહીશ.

જ્યોતિ: લો આ આવી ગઈ. બોલો શું હતું પપ્પા મારી ગીફ્ટ લાવ્યાં
હિંમત : હાં બેટા લે આ રહી તારી ગીફ્ટ (કોથળીમાં મુકેલું બોક્સ આપે. જ્યોતિ લઈ થેલી માંથી બોક્સ કાઢી મોં બગાડતી)

જ્યોતિ: આ શું ? પપ્પા મે તમારી પાસે સેમસંગ નો ગેલેકસી મોબાઈલ માંગ્યો હતો અને તમે મોટરોલાનો ચાઈના મેઈડ થર્ડ ક્લાસ મોબાઈલ લાવ્યા.

સાગર: મોં પર હાથ રાખી હસતા મેં તને નહોતું કહ્યું જ્યોતિ - કે સેમસંગના સપના જો સપના.

હિંમત: બેટા સેમસંગનો મોબાઈલ ખૂબ મોંઘો હતો અને આ મોબાઈલમાં એ બધાજ ફીચર છે.

જ્યોતિ: મને ખબર જ હતી, મારે નથી જોઈતો ફોન (મોઢું ચડાવીને અંદર જાય)

હિંમત: એક સરપ્રાઈઝ તો મળી ગઈ હવે તુ સરપ્રાઈઝ આપ સાગર.

સાગર: (ખુશ થતો પપ્પા પાસે જઈ પગે લાગી)

પપ્પા: ફર્સ્ટ કલાસ ફર્સ્ટ
(વીણા પણ નજીક આવી એટલે સાગર તેને પગે લાગી. પપ્પા મમ્મીની વચ્ચે સાગર ગોઠવાય જાય)

હિંમત: હવે આગળ શું વિચાર્યુ છે. સાગર

સાગર: હે.... આગળ તો બીઝનેશ

હિંમત : સરસ, શેનો બિઝનેશ ?

સાગર: ઈમ્પોર્ટ એક્ષપોર્ટનો અને તેના માટે મારે પચીસ લાખ રૂપિયા જોઈશે પપ્પા.

હિંમત: બેટા, તને એ ઈમ્પોર્ટ એક્ષપોર્ટના બીઝનેસનો અનુભવ છે ?

સાગર: ના, પણ મારો એક મિત્ર કરે છે અને ખૂબ કમાય છે તેની પાસેથી ટીપ્સ લઈ લઈશ.

હિંમત: એના કરતા બેટા. કોઈ આવા બીઝનેશ વાળાને ત્યાં થોડો વખત જોબ કરી અનુભવ મેળવી લે તો સારુ.... અને .....

સાગર: મને હતુ જ પૈસા આપવાની વાત કરીશને એટલે લેકચર આપશો. પણ પપ્પા તમે પૈસા નહી આપો તો પણ હું આ બીઝનેશ કરીશ.

હિંમત: એ કઈ રીતે ?

સાગર: લોન લઈશ.

હિંમત: આટલી મોટી લોન ? અને ભરીશ કઈ રીતે? ધંધો બરાબર ચાલ્યો ના ચાલ્યો તો !

સાગર: એવું તમારા જેવું નબળું હું વિચારતો નથી.

હિંમત: મારુ નામ ભલે હિંમત રહ્યું પણ મારામાય આટલી હિંમત નથી આ પૈસા નો મામલો છે ફરી એકવારવિચારી જો.... અને શિક્ષાપત્રીના શ્લોક નં. ૧૪૫માં શ્રીજી મહારાજે આજ્ઞા કરી છે કે જેટલી ચાદર હોય તેટલી જ સોડ તાણવી.

સાગર : બસ પપ્પા મે વિચારી લીધું છે અને લોનની પ્રોસીઝર પણ ચાલુ કરી દીધી છે.

હિંમત : હે સ્વામિનારાયણ બાપા આને થોડી બુદ્ધિ આપો.

સાગર : હા તો આપશે જ એમાં પણ તમારી સિફારીશની જરૂર નથી.

(વીણા : ભગવાન પાસે જાય - સાગર અંદર જાય હિંમત લાચાર થઈ ઉભો રહે ત્યાં બ્લેક આઉટ થાય પદડો પડે) (પડતો ખૂલતા ઘરનું રાસરચીલું ફર્નિચર બદલાઈ ગયું હોય અને હિંમત સોફામાં બેસી માળા ફેરવતો હોય. સાગર આંટા મારતો મોબાઈલમાં વાત કરે છે)

સાગર : હલો - અમીત યાદ છે ને સાંજે મારા ઘેર આવવાનું મારી બર્થ-ડે માં જરૂર આવજે. પાર્ટીમાં કોઈ કમી નહી રાખું જલસા કરાવીશ બધાને (પપ્પા સામે ટોણો મારતા) હું થોડો કંજુસ છું.

(હિંમત ત્રાંસી આંખે જોઈ રીએકશન આપે. બ્લોક આઉટ)

(લાઈટ ઓન થતા રંગ બે રંગી લાઈટોના શેડ હોય અને બધા મિત્રો સાથે સાગર હસી-મઝાક કરતો હોય. ખૂણા માં બે ખુરશીમાં વીણાને હિંમત બેઠા હોય. સાગર જ્યોતિ સહીત પોતાના મિત્રો સાથે ડાન્સ કરતો હોય ફોનતેના પપ્પાને આપી દે. રાખવા (પપ્પા હવે આ પણ કરવાનું ? વાળુ રીકએકશન આપે) થોડીવાર ડાન્સ ચાલે અમુક જણા થમ્સઅપ. મીરીન્ડા વગેરે પીતા પીતા ઝૂમતા હોય ત્યાં સાગરનો મોબાઈલમાં રીંગ વાગે. ઘોંઘાટમાં તેને ન સંભળાય પણ પપ્પા પાસે હોવાથી તે સાંભળી ઉભા થઈ સાગર પાસે આવી મોટેથી બૂમ પાડે સાગર તારો ફોન..... સાગર ફોન લે....

સાગર : હલ્લો.... હેં.......!

અવાજ ઓછો કરવાની સાઈન કરે મ્યુઝિક બંધ થાય

સાગર : પણ કઈ રીતે બધો માલ તો બરાબર હતો અને તમને ખબર છે. માલ કેટલાનો હતો. પુરા ત્રણ કરોડનો અરે કંઈ કરો હું રસ્તા પર આવી જઈશ...... આમ ન કરો.... પ્લીઝ હલ્લો...... હલ્લો......

(સોફામાં ફસકાઈ પડે. હાથ છાતી ઉપર. જ્યોતિ પપ્પા મમ્મી તેની પાસે દોડી આવે)

હિંમત : સાગર!

વીણા : બેટા!

જ્યોતિ : હે બ્રો શું થાય છે ?

(કોઈ જવાબ નહી)

હિંમત : જ્યોતિ જલ્દી ૧૦૮ ને ફોન લગાવ.

જ્યોતિ : ફોન લગાવે બ્લેક આઉટ.

(લાઈટ થાય છે. ત્યારે સાગર સોફામાં સૂતો હોય છે. પાસે ખુરશીમાં પપ્પા મમ્મી બેઠા હોય છે. છેક પાછળ જ્યોતિ ઊભા ઊભા ફોનમાં વોટ્સ અપ કે ગેઈમ રમતી હોય.)

સાગર : પપ્પા. તે દિવસે તમે મને કીધેલી વાત યાદ આવે છે.

હિંમત : કઈ વાત દિકરા?

સાગર : પેલી શિક્ષાપત્રી વાળી કે જેટલી ચાદર હોય તેટલી જ સોડ તાણવી.... તે દિવસે હું માન્યો હોત તો આજે આ દિવસ ન આવ્યો હોત.

હિંમત : બસ બસ હવે તને ડૉકટરે બહુ બોલવાની ના પાડી છે ને ? તું મોડે મોડે પણ સમજ્યો એજ બહુ છે અન મેં મારા મિત્રને વાત કરી. ત્રણ કરોડમાંથી તારે માટે માત્ર ૫૦ લાખમાં પતાવ્યું છે, તે પણ ધીમે..... ધીમે.....ધીમે આપવાના.

સાગર : યુ આર ગ્રેટ

પપ્પા : મોકાણ... ના ના કે ને કે યુ આર ગ્રેટ મોકાણ....


સાગર : શું તમે પણ પપ્પા.

હિંમત : અરે હા. જ્યોતી માટે આઈ ફોન ઓર્ડર કર્યો છે આવ્યો કે નહીં.

જ્યોતિ : પપ્પા મારે આ ફોન ચાલશે ઓર્ડર કેન્સર કરાવી દો.

વીણા : હવે બેસ ને ચાંપલી..... પછી કહીશ. (ચારા પાડતા.)
મને ખબર જ હતી. અમારે આવા ફોન વાપરવાના.... બધા ખડખડાટ હસી પડે.... પડદો પડે)

જયશ્રી સ્વામિનારાયણ...................!!!!!!!



નાટકના સેટની ડીઝાઈન

# કચરો કચરાપેટી કે ડસ્ટબીનમાં જ નાખવાનો આગ્રહ રાખો.

ગુજરાતીમાં એક કહેવત છે કે "સ્વચ્છતા ત્યાં પ્રભુતા" કહેતા જ્યાં સ્વચ્છતા હોય ત્યાં જ ભગવાનનો વાસ થાય છે સ્વચ્છતા આપણને સૌને ગમે છે. પરંતુ એ સ્વચ્છતા આપણે આપણા શરીરથી આરંભી ઘર સુધી ને ઘરથી ગામ - રાજ્ય દેશ સુધી થાય એ જરૂરી છે. ચાલો આપણે સૌ સાથે મળી આપણા અંતરને તથા આપણી આજુ બાજુના વિસ્તારને સ્વચ્છ બનાવીએ.

**પ્રવૃત્તિ**

આજુ બાજુના વિસ્તાર - સોસાયટીમાં સ્વચ્છતા અભિયાન રેલી કરવી.
સૌ સાથે મળી જાતે શ્રમયજ્ઞ કરી સ્વચ્છતા કરી અન્યને સ્વચ્છતા રાખવા પ્રેરવા.

# પુષ્પ - ૧૫. અનાથાશ્રમ અને વૃધ્ધાશ્રમની મુલાકાત



આજના સાંપ્રત યુગમાં માતા-પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલા અને પ્રભુ જ જેમનો એક માત્ર આધાર છે એવા બાળકો તથા કેટલાક અભાગીયા સંતાનોએ જેમને તરછોડી દીધા છે એવા વડીલોનું આશ્રય સ્થાન એટલે અનાથાશ્રમ - વૃધ્ધાશ્રમ આ બાળકો વડીલોએ અન્ન વસ્ત્ર કે પૈસા કરતા લાગણી - હુંફ અને પ્રેમના ભુખ્યા વધુ હોય છે. આપની આસપાસના વિસ્તારમાં આવા પવિત્ર તીર્થરૂપ સ્થાનોમાં જઈ ત્યાં રહેલા બાળકો-વડીલો સાથે જો થોડો સમય વ્યતીત કરીશું તો જરૂર આપણને પરમાત્માના સાનિધ્યની અનુભૂતિ થશે જ.

પ્રવૃત્તિ

આપની નજીકમાં આવેલા વૃધ્ધાશ્રમ - અનાથાશ્રમમાં સર્વે બાળમંડળના બાળકોને લઈ જશો ને ત્યાં શક્ય આર્થિક મદદ કરી બાળકોને તેમના પ્રત્યે આદર - માન-પ્રેમ વધે તેવી વાત શીખવશો.





શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ